# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-12-2025 Day: Wednesday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## SIR બીજા તબક્કાની કામગીરી:

ચૂંટણી પંચે ગઈકાલે જાહેરાત કરી હતી કે મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ- SIR ના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં ૫૦ કરોડ 99 લાખથી વધુ મતગણતરી ફોર્મ મતદારોને વિતરણ કરવામાં આવ્યા છે. જે આ તબક્કામાં ભાગ લેનારા આશરે ૫૧ કરોડ મતદારોમાંથી ૯૯.૯૭ ટકા છે.

પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે ૫૦ કરોડ ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. મતગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ આવતીકાલ એટલે કે આ મહિનાની ૧૧મી તારીખ છે. જ્યારે કેરળમાં ૧૮ ડિસેમ્બર છે

---

## રાષ્ટ્રપતિ-માનવ અધિકાર દિવસ કાર્યક્રમને સંબોધન કરશે:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે માનવ અધિકાર દિવસના કાર્યક્રમને સંબોધિત કરશે. આ વર્ષના માનવ અધિકાર દિવસનો વિષય "રોજિંદી આવશ્યકતાઓ - બધા માટે જાહેર સેવાઓ અને ગૌરવ" છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ આ વિષયને અનુરૂપ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. આ પરિષદમાં રાજ્ય માનવ અધિકાર આયોગ, રાષ્ટ્રીય આયોગ, સરકારી અધિકારીઓ, નાગરિક સમાજ સંગઠનો અને શિક્ષણવિદોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

---

## રાજ્યમાં SIRની કામગીરી:

રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ એટલે કે SIRની કામગીરીની સમયસીમાને હવે માત્ર એક દિવસ બાકી રહ્યાં છે ત્યારે આ ઝુંબેશના ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ 5 કરોડ 8 લાખ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે છે જ્યારે 17 જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી 100 ટકા કામગીરી પૂર્ણ કરી છે. જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે છે.

---

## મુંદરા-નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીનો પ્રારંભ :

મુંદરામાં નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી શરુ થઈ હતી. મુન્દ્રા અને માંડવી વિસ્તારના પોલીસ સ્ટેશનને આવરી લેતા નવનિયુક્ત મદદનીશ જિલ્લા પોલીસવડા ગૌતમ વિવેકાનંદે કચેરીનો આરંભ કરવા સાથે ચાર્જ સંભાળ્યો હતો. આ નાયબ જિલ્લા પોલિસ કચેરી હેઠળ હવે મુન્દ્રા પોલીસ, મુન્દ્રા કોસ્ટલ, પ્રાગપર પોલીસ, માંડવી શહેર પોલીસ, ગઢશીશા પોલીસ, કોડાય પોલીસ અને માંડવી મરીન પોલીસ મથકો કાર્યરત રહેશે.

---

## જિલ્લામાં SIRની કામગીરીનો પ્રારંભ:

જિલ્લામાં SIRની કામગીરી ચાલી રહી છે, ત્યારે નિરોણાના મદદનીશ શિક્ષક અલ્પેશ જાનીએ મતદારોને જાગૃત થવા આ મુજબ જણાવ્યુ હતું.

(બાઈટ-અલ્પેશ જાની- મદદનીશ શિક્ષક)

---

## જિલ્લામાં નાબાર્ડ દ્વારા ધિરાણના લક્ષ્યાંક:

જીલ્લામાં નાબાર્ડ દ્વારા 2026-27ના નાણાકીય વર્ષમાં 2025-26ના નાણાકીય વર્ષની સરખામણીએ 33.13 ટકા વધુ ધિરાણ આપવાનો અંદાજ નિર્ધારિત કરાયો હતો. આ અંગેની બેઠકમાં નાબાર્ડ દ્વારા 2026-27ના વર્ષ માટેના પોટેન્શિયલ લિંક્ડ ક્રેડિટ પ્લાનનું લોન્ચિંગ કરાયું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખની અધ્યક્ષતામાં આયોજિત બેઠકમાં સમિતિ સમક્ષ સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. 2026-27ના નાણાકીય વર્ષ માટે 24 હજાર 212 કરોડ 24 લાખનું ધિરાણ આપવાનો અંદાજ વ્યક્ત કરાયો જે 2025-26 માટે આંકવામાં આવેલા 18 હજાર 187 કરોડ 45 લાખ ની સંભાવના કરતાં 33.13 ટકા વધારે છે. પોટેન્શિયલ લિંક્ડ ક્રેડિટ પ્લાનના પ્રાથમિકતા ક્ષેત્રો, પેટા ક્ષેત્રો હેઠળના પ્રક્ષેપણના આધારે નવા નાણાકીય વર્ષ માટેનો વાર્ષિક ધિરાણ પ્લાન તૈયાર કરી જિલ્લામાં કાર્યરત વિવિધ બેંકોને લક્ષ્યો ફાળવવામાં આવશે.

---

## ક્રિકેટ:

ભારતે દક્ષિણ આફ્રિકાને 101 રને હરાવી પાંચ ટી-20 મેચોની શ્રેણીનો વિજયી આરંભ કર્યો છે. કટકના બારા બતી સ્ટેડિયમ ખાતેની પ્રથમ ટી-20 મેચમાં ભારતના 6 વિકેટના ભોગે 175 રનના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 12 ઓવર ત્રણ બોલમાં 74 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતના હાર્દિક પંડ્યાએ સૌથી વધુ 59 રન કર્યાં હતા, ભારતે આ વિજય સાથે એક શૂન્યની સરસાઇ મેળવી લીધી છે.

---